નવી પેન્શન યોજના અન્વયે જમા થતી રકમ
જી.એસ.એફ. માં રોકવા માટે નિયામકશ્રી,
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ અને
ચુકવણા અધિકારીને અધિકૃત કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
સુધારા ક્રમાંક.નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી, તારીખ : ૨૯/૩/૨૦૦૬.

આમુખ :– (૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક–નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી,તા.૧૮/૩/૨૦૦૫.
(૨) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક–ડીપીપી તકેદારી–૪૮, તા.૧૬/૩/૨૦૦૬.

ઠરાવ :–

આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી સરકારે તા.૧/૪/૦૫ થી અમલમાં આવે તે રીતે નવ વર્ધિત પેન્શન યોજના જાહેર કરેલ છે. આ ઠરાવના પેરા–૭ ની જોગવાઈઓ મુજબ કર્મચારી/ અધિકારીનો ફાળો અને રાજય સરકારે જમા કરાવવાના થતા ફાળાની રકમ મુખ્ય સદર–૮૩૪૨ ખાતે જમા કરવામાં આવે છે.

તમામ જિલ્લા તિજોરી કચેરીઓ અને પગાર અને હિસાબી કચેરીઓ દ્રારા જમા થતી આ રકમનું રોકાણ ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સર્વિસીઝ દ્રારા સરકરી જામીનગીરીઓમાં કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આમુખમાં (૨) મા દર્શાવેલ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, નિયામકશ્રીના તા.૧૬/૩/૨૦૦૬ ના પત્રથી કરવામા આવેલ દરખાસ્ત મુજબ રાજયની તમામ જિલ્લા તિજોરી કચેરીઓ અને પગાર અને હિસાબી કચેરીઓ દ્રારા જમા થયેલ નવી વર્ધિત પેન્શન યોજના ફાળાની રકમને જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગરથી ઉપાડ કરવા માટે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, ગાંધીનગરના ઉપાડ અને ચુકવણાં અધિકારીને આથી અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી.પટેલ)
ઉપ સચિવ,
નાણાં વિભાગ.

નકલ રવાના

(૧) તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, સચિવાલય, ગાંધીનગર.
(૩) નિયામક, હિસાબ અને તિજોરી, સચિવાલય, ગાંધીનગર.
(૪) એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
(૫) એકાઉન્ટન્ટ જનરલ (એ.એન્ડ ઈ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
(૬) નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / નર્મદા/ વડોદરા.
(૮) તમામ જિલ્લા તિજોરી અધિકારીઓ.
(૯) શાખા સીલેકટ ફાઈલ, ૫–શાખા.